**CGDCR-2017માં સુધારાઓ જાહેર, હાઈ-ડેન્સિટી હાઉસિંગ, હોમ-બિઝનેસ અને ઝોનિંગના નિયમોમાં ફેરફાર કરાયા**

# 'કોટેજ ઈન્ડસ્ટ્રી' માટે બાંધકામના નિયમો બદલાયા

**નવી** 'Dwelling-4' કેટેગરીનો સમાવેશ થતાં સુરતમાં એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટમાં વેગ આવશે

સુરતઃ તાજેતરમાં સુરતમાં ચાલેલી કોટેજ ઈન્ડસ્ટ્રીના બાંધકામની માથાકૂટમાં રાજ્ય સરકારે બાંધકામના નિયમોમાં ફેરફાર કર્યો છે. સરકારે CGDCR-2017માં કરેલા સુધારામાં રહેણાંક વિકાસ, એફોર્ડેબલ હાઉસિંગ, હોમ આધારિત કોટેજ ઈન્ડસ્ટ્રી, પાર્કિંગ નોર્મ્સ અને ઝોનવાઈઝ જમીન ઉપયોગના નિયમોમાં વ્યાપક ફેરફારો કરવામાં આવ્યા છે. આ સુધારાઓ રાજ્યની તમામ મ્યુનિસિપલ કોર્પોરેશન અને અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીમાં અમલમાં આવશે, જેના સીધા પ્રભાવ સુરત શહેરના વિકાસ પર પણ જોવા મળશે. સૌથી મહત્વપૂર્ણ ફેરફાર તરીકે Dwelling-4 નામની નવી રહેણાંક કેટેગરી ઉમેરવામાં આવી છે. તેમાં પ્રતિ હેક્ટર ઓછામાં ઓછા 225 રહેણાંક એકમોની ઘનતા ધરાવતા અને 90 ચોરસ મીટર સુધીના એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટને માન્યતા આપવામાં આવી છે. સાથે કુલ વપરાયેલ FSIના 10 ટકા સુધી સહાયક કોમર્શિયલ ઉપયોગને પણ મંજૂરી આપવામાં આવી છે. જેના કારણે શહેરમાં એફોર્ડેબલ હાઉસિંગ સ્કીમો, મોટા ટાઉનશિપ અને હાઈ-ડેન્સિટી રહેણાંક પ્રોજેક્ટને પ્રોત્સાહન મળશે. બિલ્ડરોને નાના અને મધ્યમ વર્ગ માટે વધુ ફ્લેટ વિકસાવવાની તક મળશે.

### ઝોનિંગ સિસ્ટમમાં મોટો ફેરફાર

અગાઉ વિવિધ ઝોનમાં પરમિસિબલ ઉપયોગ દર્શાવવામાં આવતા હતા. હવે તેના બદલે નોન-પરમિસિબલ ઉપયોગ નીતિ લાગુ કરવામાં આવી છે. જેથી જેની પર પ્રતિબંધ છે તે સ્પષ્ટ થશે અને બાકીના ઉપયોગો મંજૂર ગણાશે. ઉપરાંત જમીન ઉપયોગ અંગેની વિવાદાસ્પદ સ્થિતિમાં ઘટાડો થશે.

### અમુક જૂની જોગવાઇ રદ, ચાર કેટેગરીનો ઉમેરો થતા શહેરમાં બાંધકામોને વેગ મળવાની આશા

» નવા નિયમો મુજબ ડ્વેલિંગ-2ને હવે ડ્વેલિંગ-2એ અને ડ્વેલિંગ-2બી એમ બે ભાગમાં વહેંચવામાં આવ્યું છે. » ડ્વેલિંગ-2એમાં સેમી-ડિટેચ્ડ મકાનો, રો-હાઉસ અને ટેનામેન્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે. » ડ્વેલિંગ-2બી હેઠળ આવા રહેણાંકમાં થઈ શકતા સહાયક ઉપયોગો માટે અલગ જોગવાઈ કરવામાં આવી છે. » આ ફેરફારને અનુરૂપ સમગ્ર સીજીડીસીઆરના સંબંધિત નિયમોમાં પણ સુધારા કરાયા છે. » નવા નિયમો હેઠળ ડ્વેલિંગ-4 કેટેગરી માટે અલગ પાર્કિંગની જોગવાઈ ઉમેરવામાં આવી છે. » ડ્વેલિંગ-3 અને ડ્વેલિંગ-4 પ્રકારના પ્રોજેક્ટોમાં વપરાયેલી કુલ એફએસઆઈના આધારે પાર્કિંગ ફરજિયાત રહેશે. » મિશ્ર ઉપયોગના મકાનો માટે પણ પાર્કિંગના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેથી નવા એપાર્ટમેન્ટ અને એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટોમાં પાર્કિંગનું આયોજન વધુ સુવ્યવસ્થિત બનશે. » સીડીની પહોળાઈ, ટ્રાવેલ ડિસ્ટન્સ, બિલ્ડિંગ કેટેગરી સહિતના અનેક ટેકનિકલ નિયમોમાં ડ્વેલિંગ-4નો સમાવેશ કરીને નવા ધોરણો નક્કી કરવામાં આવ્યા છે. » હાલની ચાળોના વિકાસ સંબંધિત જૂની જોગવાઈ સંપૂર્ણપણે રદ કરવામાં આવી છે. » ઘરેથી ચાલતા હીરા, જરી, કાપડ અને અન્ય કોટેજ ઉદ્યોગોને કાયદાકીય આધાર મળતા નાના ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે.

### કુટિર ઉદ્યોગ માટે ક્યા નિયમો નક્કી કરાયા?

- » મહત્તમ મંજુર ઉંચાઈ 12 મીટર રહેશે.
- » કુલ બાંધકામ વિસ્તારમાંથી વધુમાં વધુ 50 ચો.મી. સુધી જ મંજૂરી આપવામાં આવશે.
- » જો બાંધકામ 50 ચો.મી.થી વધુ હશે તો 30 મીટરની પહોળાઈનો રોડ હોવો જરૂરી
- » જો પ્લોટ નાના આંતરિક રસ્તા પર આવ્યો હોય તો પરંતુ સમગ્ર લેઆઉટને 30 ફુટના રસ્તાના આધારે મંજૂરી મળી હોય તો તેવા કિસ્સામાં ડ્વેલિંગ-2નો ઉપયોગ મંજૂર રહેશે.
- » કોઈપણ સંજોગોમાં કુટિર ઉદ્યોગ અથવા જરી ઉદ્યોગ માટે વપરાતો કુલ વસ્તાર કુલ બાંધકામના વિસ્તાર કરતાં 50 ટકા કરતાં વધુ મંજૂર રહેશે નહીં

### ઘરેથી કેવી રીતે કોટેજ ઇન્ડસ્ટ્રી ચલાવવી તેના નિયમને સ્પષ્ટ કરાયો

પ્રથમ વખત કોટેજ ઈન્ડસ્ટ્રીની સ્પષ્ટ વ્યાખ્યા ઉમેરવામાં આવી છે. ઘરમાંથી અથવા નાના વર્કશેડમાંથી પરિવાર સાથે ચાલતા વ્યવસાયોને નિયમિત માન્યતા આપવામાં આવી છે, શરત એટલી કે તેનાથી અવાજ, ધુમાડો, પ્રદૂષણ કે આસપાસના વિસ્તારને નુકસાન ન થાય. જેના કારણે હીરા, જરી, હેન્ડીક્રાફ્ટ, ઘરઆધારિત સિલાઈ, ફૂડ પ્રોસેસિંગ જેવા હજારો હોમ-બેઝ્ડ વ્યવસાયોને કાયદાકીય સ્પષ્ટતા મળશે. સુરતમાં કોટેજ ઈન્ડસ્ટ્રીને કારણે અનેક વિવાદો થયા છે અને સ્થાનિક લોકો હેરાન થતાં હોવાથી હવે સરકારે બાંધકામના નિયમોમાં જ ફેરફાર કરી નાખ્યો છે. જેને પગલે હવે કોટેજ ઈન્ડસ્ટ્રીના નામે થતા ખોટા બાંધકામો પર અંકુશ આવશે.

## ગુજરાત મોસ્ટ પ્રિફર્ડ ડેસ્ટિનેશન ફોર ઇન્વેસ્ટમેન્ટ બન્યું: સીએમ

**નીતિ** આયોગના 'ઇન્વેસ્ટમેન્ટ ફ્રેન્ડલીનેસ ઇન્ડેક્સ 2026'માં ગુજરાત દેશભરમાં પ્રથમ ક્રમે

અમદાવાદઃ ગુજરાત સદીઓથી વેપાર અને 'મહાજન પરંપરા'ની ભૂમિ રહ્યું છે. આજે ઇનોવેશન, ઇન્ડસ્ટ્રી, ટ્રેડ અને ટ્રેડિશનના સંગમ તરીકે વિશ્વમાં ઊભરી રહ્યું છે. નીતિ આયોગના 'ઇન્વેસ્ટમેન્ટ ફ્રેન્ડલીનેસ ઇન્ડેક્સ 2026'માં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે રહ્યું છે. એટલું જ નહીં, એપ્રિલ 2020થી ડિસેમ્બર 2025 સુધીમાં રાજ્યમાં 73.9 બિલિયન યુએસ ડોલરનું ક્યુમ્યુલેટિવ એફડીઆઈ આવ્યું છે, જે ગુજરાતની વૈશ્વિક સ્વીકૃતિ દર્શાવે છે, તેવું ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પદગ્રહણ સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલએ જણાવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત ઉદ્યોગકારોને સંબોધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલએ જણાવ્યું હતું કે, નવી ઉદ્યોગ નીતિ ગુજરાતને ગ્લોબલ ઇન્ડસ્ટ્રીયલ પાવર બનાવવાનો રોડમેપ છે, જેમાં પ્રથમવાર ઇન્સેન્ટિવ વિતરણની જોગવાઈ સાથે એમએસએમઈને પણ વિશેષ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. તાજેતરમાં જ દેશની પ્રથમ હાઇડ્રોજન ટ્રેન તેમજ સ્પેસ સ્ટાર્ટઅપ દ્વારા વિક્રમ-૧ રોકેટ લોન્ચ કરવાની ઘટનાઓ વૈશ્વિક મંચ પર ભારતની નવી છબિ પ્રસ્થાપિત કરશે. ગુજરાત હવે સેમીકન્ડક્ટર પ્લાન્ટ્સ, ગિફ્ટ સિટીમાં એઆઇ સેન્ટર અને ડેટા સેન્ટર જેવાં ભાવિ ક્ષેત્રોમાં લીડર બની રહ્યું છે. રાજ્ય સરકાર ઉદ્યોગકારોની પડખે છે તેમ જણાવી શ્રી પટેલે 'મેક ઇન ગુજરાત, મેક ફોર ધ વર્લ્ડ'ના લક્ષ્ય સાથે પાંચ ટ્રિલિયન ઇકોનોમી અને વિકસિત ભારત @2047ના નિર્માણ માટે ઉપસ્થિત સૌ ઉદ્યોગકારોને આહવાન કર્યું હતું.

# ઈ-વે બિલ સિસ્ટમના પ્રસ્તાવિત નવા સુધારા મોકૂફ રાખવા નિર્ણય

**GSTNના** નિર્ણયથી વેપારી આલમમાં ખુશીનો માહોલ

**વેપારની** ગુપ્તતા જળવાઇ રહેશે

સુરતઃ જીએસટી નેટવર્ક દ્વારા ઈ-વે બિલ સિસ્ટમમાં આગામી 1 ઓગસ્ટ 2026થી લાગુ થનારા પ્રસ્તાવિત નવા ફેરફારો અને સુધારાઓને હાલ પૂરતા સ્થગિત રાખવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. GSTN એ સ્પષ્ટ કર્યું છે કે આગામી સૂચના ન મળે ત્યાં સુધી સિસ્ટમમાં કોઈ પણ પ્રકારના ફેરફાર કરવાની જરૂર નથી, તેમજ આ સંબંધિત અગાઉ જાહેર કરાયેલી તમામ એડવાઈઝરી પણ GST પોર્ટલ પરથી પાછી ખેંચી લેવામાં આવશે.

આ પ્રસ્તાવો સ્થગિત રાખવાથી દેશભરના વેપારીઓ, ટ્રાન્સપોર્ટરો અને ડિસ્ટ્રીબ્યુટરોને મોટો ફાયદો થયો છે. પ્રસ્તાવિત નવા સુધારા લાગુ થયા બાદ વેપારીએ પોતે ક્યાંથી માલ ખરીદ્યો છે તેના તમામ નામ અને સરનામા ઈ-વે બિલના ફોર્મમાં દર્શાવવાના હતા. આ જોગવાઈના કારણે છેલ્લો ખરીદદાર જાણી શકતો હતો કે ડિસ્ટ્રીબ્યુટર કે મધ્યસ્થી ક્યાંથી અને કોની પાસેથી માલ ખરીદે છે. આનાથી વેપારીઓની બિઝનેસ સીક્રેસી અને મોનોપોલી ખતમ થઈ જવાનું જોખમ ઊભું થયું હતું, કારણ કે છેલ્લો ખરીદદાર ડિસ્ટ્રીબ્યુટરને બાયપાસ કરીને ડાયરેક્ટ મૂળ વેચનાર પાસેથી જ માલ ખરીદવા પ્રેરાય. વેપારી આલમ દ્વારા આ કડક જોગવાઈનો ભારે વિરોધ કરવામાં આવ્યો હતો અને નાણા મંત્રાલય તથા GSTN સમક્ષ ઉચ્ચસ્તરીય રજૂઆતો કરવામાં આવી હતી. આ રજૂઆતોને ધ્યાને રાખીને સરકારે હાલ પૂરતો આ અમલ મૌકૂફ રાખ્યો છે.

જીએસટી પ્રેક્ટિશનર પ્રશાંત શાહે જણાવ્યું હતું કે, નવા પ્રસ્તાવો સ્થગિત થવાથી વેપારીઓની મોનોપોલી અને વેપારની ગુપ્તતા જળવાઈ રહેશે. જો આ નિયમ લાગુ થયો હોત તો મધ્યસ્થી વેપારીઓનો ધંધો ચોપટ થઈ જાત. સરકારના આ વલણથી વેપારી આલમે મોટો હાશકારો અનુભવ્યો છે.

# જોબચાર્ટના વિલંબે તલાટીઓનું આંદોલન રાજ્યમાં ઉગ્ર બન્યું

**ગામ** નમૂના નં.1થી 18 સહિત મહેસૂલ વિભાગની કામગીરી બંધ થતાં ગ્રામ્ય વહીવટ પર અસર

સુરતઃ તલાટી કમ મંત્રી અને મહેસૂલી તલાટી વચ્ચે કામગીરીના સ્પષ્ટ વિભાજન માટે અલગ જોબ ચાર્ટ જાહેર કરવાની વર્ષોથી ચાલી રહેલી માંગણીનો ઉકેલ નહીં આવતાં રાજ્યભરના તલાટી કમ મંત્રીઓએ હવે આંદોલન વધુ ઉગ્ર બનાવ્યું છે. મહેસૂલ વિભાગની ગામ નમૂના નં.1થી 18 સુધીની તમામ કામગીરી ઉપરાંત પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ સિવાયના અન્ય વિભાગોની સોંપાયેલી કામગીરીનો બહિષ્કાર કરવામાં આવતાં અનેક સરકારી કામકાજ પર અસર જોવા મળી રહી છે.

ગુજરાત રાજ્ય તલાટી મંત્રી મહામંડળે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે વર્ષ-2023માં મહેસૂલી તલાટીની નવી કેડર ઊભી કરતી વખતે તલાટી કમ મંત્રી અને મહેસૂલી તલાટી વચ્ચે કામગીરીનું સ્પષ્ટ વિભાજન કરીને અલગ-અલગ જોબ ચાર્ટ જાહેર કરવાની ખાતરી આપી હતી. જોકે, સાડા ત્રણ વર્ષ બાદ પણ આ અંગે કોઈ સત્તાવાર નિર્ણય લેવામાં આવ્યો નથી. હાલમાં ગ્રામ્ય કક્ષાએ તલાટી કમ મંત્રી, મહેસૂલી તલાટી અને ગ્રામસેવક (ખેતી) એમ ત્રણ કેડર કાર્યરત છે.

તલાટી કમ મંત્રીઓનું કહેવું છે કે, વર્ષો દરમિયાન સરકાર દ્વારા વિવિધ વિભાગોની નવી યોજનાઓ અને જવાબદારીઓ સતત સોંપવામાં આવી, પરંતુ કામગીરીનું પુનર્વિતરણ કરવામાં આવ્યું નહીં. પરિણામે પંચાયતની નિયમિત કામગીરી ઉપરાંત મહેસૂલ વિભાગના ગામ નમૂનાઓ, વિવિધ સરવે, પ્રમાણપત્રો, ચૂંટણી, સામાજિક સુરક્ષા યોજનાઓ અને અન્ય અનેક વિભાગોની જવાબદારીઓ પણ તેમના પર જ આવી ગઈ છે. તાજેતરમાં મહેસૂલી તલાટીઓની ભરતી પૂર્ણ કરીને પોસ્ટિંગ આપવામાં આવી હોવા છતાં બંને કેડર વચ્ચે કઈ કામગીરી કોણ કરશે તે અંગે હજુ સુધી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી નથી.

**સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય**

# મહેસૂલના વર્ગ-૩ના કર્મચારીની આંતરિક બદલી હવે કલેક્ટર કરશે

**સબ** રજિસ્ટ્રાર, સર્વેયર સહિતના કર્મચારીઓની Intra-District બદલી માટે ગાંધીનગરની મંજૂરીની જરૂર નહીં રહે, વહીવટમાં ઝડપ અને પારદર્શિતા આવશે

સુરતઃ રાજ્યમાં મહેસૂલી વહીવટને વધુ કાર્યક્ષમ, ઝડપી અને લોકકેન્દ્રીત બનાવવા માટે ગુજરાત સરકારે મહત્ત્વપૂર્ણ વહીવટી નિર્ણય લીધો છે. મહેસૂલ વિભાગે જિલ્લા અને તાલુકા કક્ષાની વિવિધ કચેરીઓમાં ફરજ બજાવતા વર્ગ-૩ના કર્મચારીઓની જિલ્લા પૂરતી આંતરિક બદલી કરવાની સત્તા હવે સંબંધિત જિલ્લા કલેક્ટરોને સોંપી છે.

આ નિર્ણયને રાજ્યના મહેસૂલી વહીવટમાં વિકેન્દ્રીકરણ તરફનું મહત્ત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. અત્યાર સુધી કેટલીક કેડરના કર્મચારીઓની બદલી માટે ઉચ્ચ કક્ષાની મંજૂરીની પ્રક્રિયા અપનાવવી પડતી હતી, જેના કારણે સમય લાગતો હતો.

હવે કલેક્ટરને સીધી સત્તા મળતાં સ્થાનિક જરૂરિયાત મુજબ ઝડપથી નિર્ણય લઈ શકાશે. અત્યાર સુધી નાયબ મામલતદાર, મહેસૂલી કારકૂન અને તલાટી જેવા કર્મચારીઓની જિલ્લા કક્ષાની બદલી કરવાની સત્તા કલેક્ટર પાસે હતી. હવે આ સત્તાનો વ્યાપ વધારીને મહેસૂલ વિભાગ હેઠળના અન્ય વિભાગોના વર્ગ-૩ના કર્મચારીઓને પણ તેમાં આવરી લેવામાં આવ્યા છે. તેમાં સબ રજિસ્ટ્રાર ગ્રેડ-૧, સબ રજિસ્ટ્રાર ગ્રેડ-૨, સિનિયર સર્વેયર, સર્વેયર તેમજ કારકૂન જેવા કર્મચારીઓનો સમાવેશ થાય છે. સરકારના આ નિર્ણયનો મુખ્ય હેતુ જિલ્લા કક્ષાએ ઊભી થતી વહીવટી જરૂરિયાતોને સમયસર પહોંચી વળવાનો છે. ઘણી વખત કોઈ કચેરીમાં કર્મચારીઓની અછત અથવા વિશેષ કામગીરીના કારણે તાત્કાલિક સ્ટાફની જરૂરિયાત ઊભી થતી હોય છે. અગાઉ આવી સ્થિતિમાં બદલીની પ્રક્રિયા લાંબી બનતી હતી. જ્યારે હવે કલેક્ટર સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તાત્કાલિક નિર્ણય લઈ શકશે.

### સ્થાનિક જિલ્લા સ્તરે અસરકારક આયોજન થશે

આ નિર્ણયથી જિલ્લાના વિવિધ મહેસૂલી કચેરીઓમાં માનવબળનું વધુ અસરકારક આયોજન શક્ય બનશે. જ્યાં કર્મચારીઓની જરૂરિયાત વધુ હશે ત્યાં તરત જ સ્ટાફની ફાળવણી કરી શકાશે. જેના પરિણામે જમીન સંબંધિત કામો, દસ્તાવેજ નોંધણી, સરવે કામગીરી, આવકના દાખલા, વારસાઈ સહિતની મહેસૂલી સેવાઓમાં ઝડપ આવવાની અપેક્ષા છે.

**અનુસંધાન... પાના છેલ્લાનું**

### દ.ગુ.માં...

જિલ્લા કલેક્ટર તેજસ પરમારે જણાવ્યું હતું કે, સંભવિત કુદરતી પરિસ્થિતિનો સામનો કરવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગોતરી તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. જિલ્લા વિકાસ અધિકારી દ્વારા તાલુકા વિકાસ અધિકારીઓ, પ્રાંત અધિકારીઓ, મામલતદારો સહિત તમામ સંબંધિત વિભાગોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. જ્યાં પાણી ભરાવાની શક્યતા વધુ છે એવા નીચાણવાળા વિસ્તારોની ઓળખ કરી જરૂરીયાત મુજબ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવા માટે પણ સૂચનાઓ આપવામાં આવી છે. ભારે વરસાદની સાથે આ વખતે તીવ્ર પવન પણ ફૂંકાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હોવાથી સુરત મહાનગરપાલિકા તેમજ જિલ્લાની તમામ નગરપાલિકાઓને જર્જરિત ઇમારતો, ઢીલા માળખાં અને જોખમી હોર્ડિંગ્સ તાત્કાલિક દૂર કરવા અથવા સુરક્ષિત બનાવવા માટે સૂચનાઓ આપવામાં આવી છે. વરસાદ દરમિયાન આવા માળખાં ધરાશાયી થવાથી જાનમાલનું નુકસાન ન થાય તે માટે વિશેષ તકેદારી રાખવા તંત્રે ભાર મૂક્યો છે. જિલ્લા વહીવટી તંત્રે સ્પષ્ટ કર્યું છે કે ભારે વરસાદ અને તીવ્ર પવનને ધ્યાનમાં રાખીને તમામ જરૂરી વિભાગો વચ્ચે સતત સંકલન રાખવામાં આવી રહ્યું છે. બચાવ અને રાહત કામગીરી માટે જરૂરી સાધનસામગ્રી, કર્મચારીઓ અને ઇમરજન્સી વ્યવસ્થાઓને સજ્જ રાખવામાં આવી છે જેથી કોઈપણ પ્રકારની પરિસ્થિતિમાં તાત્કાલિક કાર્યવાહી કરી શકાય. જિલ્લા કલેક્ટરે ગુરૂવારે સાંજે ડિપડિપ્રેશન સુરતથી દૂર હોવાનું કહ્યું હતું. પરંતુ શુક્રવારે વહેલી સવારથી તેની અસર જોવા મળી શકે તેવી આગાહી કરી હતી.

### માછીમારોને પણ દરિયો નહી ખેડવા સૂચના

તમામ માછીમારો અને બોટ માલિકોને પોતાની બોટ દરિયામાં ન ઉતારવા તેમજ તેને સુરક્ષિત સ્થળે કેસિંગ અથવા લંગર કરી રાખવા સૂચના આપવામાં આવી છે. હવામાન સામાન્ય ન થાય ત્યાં સુધી કોઈપણ પ્રકારની માછીમારીની પ્રવૃત્તિથી દૂર રહેવા પણ તંત્રે સૂચના આપી છે. નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ડુમ્મસ બીચ સહિત દરિયાકિનારાના વિસ્તારોમાં પોલીસ અને સ્થાનિક પ્રશાસનનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. પ્રતિબંધનો ભંગ ન થાય તે માટે સતત પેટ્રોલિંગ અને દેખરેખ રાખવામાં આવશે. જરૂરિયાત મુજબ લોકોને સ્થળ પરથી પરત મોકલવાની કામગીરી પણ હાથ ધરાશે.

### સુરત જિલ્લામાં નીચાણવાળા વિસ્તારના લોકો સુરક્ષિત સ્થળે ખસી જાય, ડીવાયએસપીની અપીલ

સુરત જિલ્લાના ડીવાયએસપીએ જણાવ્યું છે કે ભારે વરસાદ દરમિયાન કોઈપણ અગત્યના કામ સિવાય ઘરની બહાર ન નીકળવું અને તંત્રની સૂચનાઓનું પાલન કરવું જરૂરી છે. સંભવિત પૂર અને વરસાદી આફત દરમિયાન નાગરિકોની સુરક્ષા જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ અને વહીવટી તંત્ર સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે. પશુપાલકોને ખાસ અપીલ કરતાં જણાવાયું છે કે પોતાના ઢોર-ઢાંખરને ખૂંટે બાંધી રાખવાને બદલે ખુલ્લા અને સુરક્ષિત સ્થળે રાખે, જેથી અચાનક પાણીનું સ્તર વધે તો પશુઓ પોતાની રીતે સલામત સ્થળે પહોંચી શકે અને જાનહાનિ ટાળી શકાય. આ ઉપરાંત સંભવિત વીજ પુરવઠો ખોરવાઈ જવાની સ્થિતિને ધ્યાનમાં રાખીને નાગરિકોને પોતાના મોબાઈલ ફોન અગાઉથી સંપૂર્ણ ચાર્જ રાખવા, ઘરનો કિંમતી સામાન તથા મહત્વના દસ્તાવેજો પાણીથી બચી રહે તે માટે ઊંચાઈવાળી જગ્યાએ ખસેડી દેવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે. કોઈપણ ઇમરજન્સી સર્જાય અથવા મદદની જરૂર પડે તો તાત્કાલિક જિલ્લા તંત્રની હેલ્પલાઈન પર સંપર્ક કરી સહાય મેળવવા પણ સૂચના આપવામાં આવી છે. જિલ્લા પોલીસ અને વહીવટી તંત્રએ નાગરિકોને અફવાઓથી દૂર રહી માત્ર અધિકૃત સૂચનાઓ પર વિશ્વાસ રાખવા તથા જરૂરી સાવચેતી રાખીને તંત્રને સહકાર આપવા અપીલ કરી છે.

### રેડ એલર્ટથી...

કે, વહીવટી તંત્ર પાસેથી મળેલી માહિતી મુજબ શુક્રવાર, 31 જુલાઈએ અતિભારે વરસાદની સંભાવના છે. આવી સ્થિતિમાં કાપડ બજારોમાં અગાઉ સર્જાયેલી મુશ્કેલીઓ ન સર્જાય તે માટે સમયસર સાવચેતીના પગલાં લેવા જરૂરી છે. એડવાઈઝરીમાં દરેક માર્કેટના પ્રમુખ, સચિવ, મેનેજર તેમજ આસપાસના વેપારીઓના મોબાઇલ નંબર પોતાની પાસે ઉપલબ્ધ રાખવા સૂચના આપવામાં આવી છે, જેથી કોઈપણ કટોકટીની સ્થિતિમાં તાત્કાલિક સંપર્ક સાધી શકાય. ફોસ્ટાએ ખાસ કરીને વેપારીઓને બેઝમેન્ટમાં કોઈપણ પ્રકારનો કિંમતી માલસામાન ન રાખવા તેમજ વાહનો પાર્ક ન કરવા અપીલ કરી છે. બેઝમેન્ટમાં દુકાન ધરાવતા વેપારીઓને શક્ય હોય ત્યાં સુધી પોતાનો માલ સુરક્ષિત અને ઊંચા સ્થળે ખસેડી દેવાની સલાહ આપવામાં આવી છે, જેથી પાણી ભરાવાની સ્થિતિમાં નુકસાન ટાળી શકાય. આ ઉપરાંત તમામ કાપડ માર્કેટોમાં જનરેટર સેટની સમયસર તપાસ અને જરૂરી સર્વિસિંગ કરાવી લેવા પણ સૂચના આપવામાં આવી છે. વીજ પુરવઠો ખોરવાય અથવા અન્ય ઇમરજન્સી સર્જાય તો જનરેટરનો સરળતાથી ઉપયોગ થઈ શકે તે માટે અગાઉથી તૈયારી રાખવા ભાર મૂકવામાં આવ્યો છે.

### સુરત, તાપી,...

કરવા માટે વૈકલ્પિક આયોજન કરવાની સૂચના આપવામાં આવી છે. વલસાડના જિલ્લા શિક્ષણાધિકારી ડો. રાજેશ્રી ટંડેલ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડીબી વસાવાએ તમામ શાળાઓને ઓનલાઈન માધ્યમથી અભ્યાસ ચાલુ રાખવાની સૂચના આપી છે. જ્યારે ડાંગ જિલ્લા કલેક્ટર એનડી પરમાર દ્વારા પણ જિલ્લાની શાળાઓને રજા રાખવાની સાથે તકેદારી રાખવા માટે આદેશ કર્યો છે. નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરુવાનીએ ગુરૂવારે બપોરથી જ શાળાઓને રજા આપી દેવાની સાથે શુક્રવારે શાળાઓ બંધ રાખવાનો આદેશ કર્યો છે.

### તમામ ઝોનમાં...

રહેવાસીઓને સ્થળાંતરિત કરી તેમના આશ્રય, પીવાના પાણી, ખોરાક અને આરોગ્ય સેવાઓની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સાથે જ ગાર્ડન વિભાગને રસ્તા પરના વૃક્ષો તાત્કાલિક હટાવવા તથા પોલીસ કમિશનર સાથેના સંકલનમાં તહેવારોને ધ્યાને રાખી ટ્રાફિક અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જાળવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

### ડુમ્મસ બીચ...

અને ખરાબ હવામાન રહેવાની શક્યતાઓ હોવાથી સેર-સપાટા માટે દરિયાકિનારે જવું કે દરિયો ખેડવો જીવલેણ સાબિત થઈ શકે છે. ડુમ્મસ બીચ પર ખાસ સુરક્ષા બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે.

### જરૂર જણાય...

આવી છે. વધારે વરસાદમાં તમામ પાંડેસરા સ્થિત સીઈટીપી, પલસાણાના બે સીઈટીપી તેમજ કડોદરાના એક સીઈટીપીને કામકાજ બંધ રાખવા પણ કહ્યું છે. પાંડેસરા ઇન્ડસ્ટ્રિઝ એસોસિએશનના પ્રમુખ કમલવિજય તુલશ્યાનના જણાવ્યા મુજબ જિલ્લા કલેક્ટર વિભાગ અને જીપીસીબી સાથે સંકલનમાં રહી ઔદ્યોગિક વસાહતોમાં કોઈ જાનહાનિ કે નુકશાની ન થાય તે માટે આગોતરું આયોજન કરવામાં આવી રહ્યું છે. સાથે જ ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને તમામ ઔદ્યોગિક એકમોએ સહકાર આપવા અપીલ કરી છે. બીજી તરફ જીપીસીબીની ટીમ પણ સતત મોનિટરીંગ કરતી રહેશે.

### શેલ્ટર હોમ...

સ્થિતિ સર્જાય અને લોકોને સ્થળાંતર કરવાની જરૂર પડે તો તેના માટે શેલ્ટર હોમ તૈયાર રાખવામાં આવ્યા છે. શહેરના વેપારીઓ અને વિવિધ માર્કેટ એસોસિએશનો સાથે બેઠક યોજી તેમને કર્મચારીઓની સુરક્ષાને પ્રાથમિકતા આપવા સૂચના આપવામાં આવી છે. કર્મચારીઓને વહેલા ઘરે જવા દેવા અપીલ કરવામાં આવી છે. સંભવિત આપત્તિનો સામનો કરવા માટે NDRF અને SDRFની બે ટીમોને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે.

### આવા કમિશનર...

પણ કહ્યું કે, 'જો તેમને ઉચ્ચ હોદ્દા પર મૂકીને રિવોર્ડ જ આપવો હોય તો તે પણ કરી દો! શું તપાસ કમિટીમાં કોઈ ઉચ્ચ પોલીસ અધિકારી ન હોવા જોઈએ?' કોર્ટે વધુમાં નોંધ્યું હતું કે કેસમાં એક્ઝિક્યુટિવ એન્જિનિયરે પોતાની નોકરી ગુમાવી હોવા છતાં કોર્ટ સમક્ષ આવવાની હિંમત દર્શાવી છે, જ્યારે બીજી તરફ કમિશનર પર આટલો બધો ભરોસો કેમ રાખવામાં આવી રહ્યો છે તે સમજાતું નથી.

### યુવાનોમાં...

તેમના મતે, લગભગ ત્રણ વર્ષ બાદ પણ સમિતિની કાર્યવાહી પૂર્ણ ન થવી ચિંતાજનક બાબત છે.

ત્રીજા મુદ્દામાં હાર્ટ એટેકના વધતા બનાવોના કારણોની તપાસ કરવામાં આવી છે કે નહીં તેમજ કોરોના વાયરસ, કોરોનાની સારવાર, કોરોના વિરોધી રસી અથવા અન્ય કોઈ પરિબળો જવાબદાર છે કે કેમ તે અંગે માહિતી માંગવામાં આવી હતી. આ મુદ્દે પણ સંતોષકારક અને સ્પષ્ટ માહિતી આપવામાં આવી ન હોવાનું અરજદારનું કહેવું છે. તેમણે આક્ષેપ કર્યો છે કે જવાબોમાં સ્પષ્ટતા કરતાં સામાન્ય અને ગોળગોળ માહિતી આપવામાં આવી છે. રમેશભાઈ જીલરિયાએ વધુમાં જણાવ્યું કે તેમણે બીજી વખત પણ આ મુદ્દે આરટીઆઈ અરજી કરી હતી, પરંતુ તે વખતે પણ જાહેર હિતને ધ્યાનમાં રાખીને જરૂરી વિગતો આપવામાં આવી ન હતી. તેમના મતે, રાજ્યમાં સતત વધી રહેલા હાર્ટ એટેકના બનાવોને ધ્યાનમાં રાખીને સરકારે સમિતિનો સંપૂર્ણ તપાસ અહેવાલ જાહેર કરવો જોઈએ. તેમણે સરકાર સમક્ષ માંગ કરી છે કે હાર્ટ એટેકના વધતા બનાવો પાછળના સંભવિત કારણો અંગે સમિતિએ કરેલી તપાસના તારણો જાહેર કરવામાં આવે.

### સુરતની જેમ...

વલસાડ ખાતે કરવામાં આવેલી જાહેરાતમાં જણાવાયું હતું કે, મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ અસરગ્રસ્ત વિસ્તારોમાં પાક નુકસાનનું તાત્કાલિક સર્વેક્ષણ શરૂ કરવા સૂચના આપવામાં આવી છે. સર્વે પૂર્ણ થયા બાદ નુકસાનના આધારે ખેડૂતો માટે સહાય પેકેજની વિગતવાર જાહેરાત કરવામાં આવશે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે, આ વિકટ પરિસ્થિતિમાં નાગરિકોને દરેક તબક્કે જરૂરી સહાય અને પુનઃવસનની સુવિધા પૂરી પાડવામાં આવશે. રાજ્ય સરકારે વધુમાં જણાવ્યું હતું કે, વલસાડ અને નવસારી જિલ્લાના પૂરગ્રસ્ત વેપારીઓ, નાના દુકાનદારો અને લારી-ગલ્લા ધારકોને ફરીથી પોતાનો વ્યવસાય શરૂ કરવામાં સહાયરૂપ થાય તે માટે વિશેષ આર્થિક પુનઃવસન સહાય આપવામાં આવશે. આ નિર્ણયથી પૂરથી આર્થિક નુકસાન ભોગવનારા નાના વેપારીઓને રાહત મળશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.


**મહિલા અને બાળ વિકાસ મંત્રાલય**
**ભારત સરકાર**
**સૂચના**

આ જાહેર જનતાની જાણકારી માટે છે કે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર (PMRBP) માટે અરજીઓ મેળવવાની પ્રક્રિયા રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ (https://awards.gov.in) પર 01.04.2026થી શરૂ થઈ ગઈ છે. આ પુરસ્કાર એવા બાળકોને આપવામાં આવે છે જેમણે બહાદુરી, સામાજિક સેવા, પર્યાવરણ, રમતગમત, કળા અને સંસ્કૃતિ, તથા વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રોમાં અસાધારણ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય.
5 વર્ષથી વધુ અને 18 વર્ષથી ઓછી ઉંમરનું કોઈપણ બાળક (31 જુલાઈ, 2026 સુધી), જે ભારતીય નાગરિક છે અને ભારતમાં રહે છે, તે પુરસ્કાર માટે પાત્ર છે. કોઈપણ નાગરિક તરફથી ખુલ્લા નામાંકન ફક્ત રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ (https://awards.gov.in)ના માધ્યમથી જ સ્વીકારવામાં આવશે. પુરસ્કારો માટે સ્વ-નામાંકન અને ભલામણો, બંને પર વિચાર કરવામાં આવશે.
ઓનલાઈન નામાંકન જમા કરવાની અંતિમ તારીખ, જે અગાઉ 31.07.2026 નક્કી કરવામાં આવી હતી, તેને લંબાવીને 15.08.2026 કરવામાં આવી છે. વધુ માહિતી માટે કૃપા કરીને રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ https://awards.gov.in પર જાઓ. cbc 46101/11/0012/2627

**નિવિદા નં.૦૨/૨૦૨૬-૨૭**

કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી દ્વારા નીચે મુજબના કામોના ઓનલાઇન ઇ-ટેન્ડર થી ભાવો મંગાવવામાં આવે છે. નિવિદા યુનિવર્સિટીની વેબસાઈટ www.nau.in ઉપર પણ જોવા મળશે.
ઇ-ટેન્ડર www.tender.nprocure.com વેબસાઇટ પર ઓનલાઇન ભરવાનું રહેશે.

| અ.નં. | કામનું નામ | ટેન્ડર આઈ.ડી. | ઓનલાઈન ટેન્ડર ભરવાની સમય મર્યાદા |
|---|---|---|---|
| ૧ | કન્સ્ટ્રકશન ઓફ યુ.જી. ગર્લ્સ હોસ્ટેલ એટ એન.એમ.કોલેજ ઓફ એગ્રીકલ્ચર, એન.એ.યુ. નવસારી | ૩૨૩૪૭૫ | તા.૩૦/૦૭/૨૦૨૬ (૦૮.૦૦ ક.) થી તા.૨૯/૦૮/૨૦૨૬ (૧૮.૦૦ ક.) |
| ૨ | કન્સ્ટ્રકશન ઓફ બોયઝ હોસ્ટેલ ફોર કોલેજ ઓફ એગ્રીકલ્ચર, એન.એ.યુ. મુ. વઘઇ | ૩૨૩૫૩૪ | તા.૩૦/૦૭/૨૦૨૬ (૦.૮.૦૦ ક.) થી તા.૧૯/૦૮/૨૦૨૬ (૧૮.૦૦ ક.) |
| 3 | કન્સ્ટ્રકશન ઓફ ન્યુ બેકરી સ્કુલ બિલ્ડીંગ એટ એન.એ.યુ. નવસારી | ૩૨૩૫૪૩ | |

ઉપરોક્ત કામગીરીઓ માટેની પ્રી-બિડ બેઠક તા. ૦૪/૦૮/૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સટી, નવસારી ખાતે યોજાનાર છે.
નોંધ : ટેન્ડર સંબધિત સુધારા/વધારા અંગેની નોંધ ઉપરોકત વેબસાઇટ ઉપર મુકવામાં આવશે.

સહી/-
કાર્યપાલક ઇજનેર
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

નવસારી
તા.૩૦/૦૭/૨૦૨૬
માહિતી/નવસારી/૨૧૦/૨૦૨૬

**ઓન લાઇન ટેન્ડરીંગ માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર**
**જાહેર નિવિદા નં - ૧૪ સને ૨૦૨૬-૨૭,**

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના વતી કાર્યપાલક ઇજનેરશ્રી, રાજપીપલા (મા.મ) વિભાગ, રાજપીપલા જિ. નર્મદા ફોન નં ૦૨૬૪૦-૨૨૨૯૩૯ દ્વારા બિલ્ડીંગ રીપેરીંગને લગતા ૦૧ કામ માટે યોગ્ય અનુભવ ધરાવતા ઇજારદારો પાસેથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઓન લાઇન ટેન્ડર માંગવામાં આવેલ છે. જેની અંદાજીત કિંમત ૧૫.૯૬ લાખની છે.
ઉપરોક્ત કામના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઇટ https://tender.nprocure.com ઉપર તા.૧૬/૦૮/૨૦૨૬ સુધી ઉપલબ્ધ રહેશે તથા માહિતી વિભાગ સાઇટ www.statetenders.com ઉપર જોવા મળશે. નિવિદામાં થનાર ફેરફાર વેબસાઇટ પર જોવા મળશે.
માહિતી/નર્મદા/૧૭૬/૨૦૨૬-૨૭

**જાહેર નિવિદા નં.- ૦૩ સને ૨૦૨૬-૨૭**
**(ફક્ત વિદ્યુત ઈજારદારો માટે)**

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી વિદ્યુત (મા અને મ) પેટા વિભાગ, ૫મો માળ, માર્ગ અને મકાન ભવન, નાનપુરા સુરત ફોનનં- ૨૪૬૫૮૬૭ દ્વારા અત્રેના વિભાગ હસ્તકના હંગામી વિજળીકરણના ૦૩ (ત્રણ) કામ જેની અંદાજીત રકમ રૂ.૯૦,૧૨૮.૩૬ રૂ. ૨,૪૦,૮૪૩.૩૪ છે કામ માટે માન્ય શ્રેણીમાં નોધાયેલા ઇજારદારશ્રીઓ પાસે થી ઓનલાઇન ભાવો માંગવામાં આવે છે ઓનલાઇન ભાવ ભરી મોકલવાની છેવટની તારીખ ૦૫/૦૮/૨૦૨૬ સમય ૧૨.૦૦ કલાક તથા મળેલ ઓનલાઇન ભાવો ઓપન કરવાની તારીખ ૦૫/૦૮/૨૦૨૬ સમય ૧૨.૦૫ કલાક રાખવામાં આવેલ છે .
ટેન્ડરો વેબ સાઈટ www.rnb.nprocure.com ઉપરથી ડાઉનલોડ કરી શકાશે દસ્તાવેજો ઈલેક્ટ્રોનીક ફોરમેટમાં સ્કેન કરી ઓન લાઈન મુકવાના રહેશે. રાજ્ય સરકારની માહિતી ખાતાની વેબ સાઈટ www.statetenders.gujarat.gov.in ઉપર વિગતવાર જોવા મળી શકશે. વધુ માહીતી માટે કામ કાજ ના દિવસો દરમ્યાન અત્રેની કચેરીનો રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી.
ક્રમાંક . માહિતી-સૂરત/ ૪૩૨ /૨૦૨૬

**Notice Inviting Tender (NIT)**

Deputy Collector, Mid Day Meal Scheme, Surat Municipal Corporation, Surat invites online bid from eligible organizations through https://nprocure.Com/ for selection of implementing agency for supply of food under Mid Day Meal programme for the children of age group 3-5 years and 6-14 years [ Balvatika and from standard 1st to standard 8th ] studying in the Govt.,Govt-Aided,Local body,Gujarat schools for district Surat

- Tender Online Uploading Date:- 30-07-2026, 10:00 Hrs
- Last Date For Online Submission Of Bid:- 12-08-2026, 18:00 Hrs
- Last Date For Submission of Hard Copy Of Tender Documents by Speed Post:- 19-08-2026, 18:00 Hrs

Contact:- Office of Deputy Collector, Mid Day Meal Scheme, Surat Municipal Corporation, Sanghadiyawad, Gopipura, Surat-395001

(ID NO :- 329036 ) I/C.Deputy Collector
Date: 30/07/2026 Mid Day Meal Scheme
Place:- SURAT Surat Municipal Corporation,Surat
No.: Mahiti-Surat/ 434 /2026